# સમગ્ર વિકાસ અભ્યાસક્રમ આધારિત શિક્ષણ પ્રક્રિયાનો સમીક્ષાત્મક અભ્યાસ

**અનિલાબેન એન.સોની**

**આસિસ્ટન્ટ પ્રોફેસર,** વી. ટી. ચોકસી સાર્વજનિક કૉલેજ ઓફ એજ્યુકેશન, સુરત

મો. 7096733989 E-Mail: anilaheersoni1510@gmail.com

પુરાતનકાળથી ભારત શિક્ષણ ક્ષેત્રમાં વિશ્વનો અગ્રણી દેશ રહ્યો છે. **'સા વિદ્યા યા વિમુક્તયે'** – જે વિદ્યા મુક્તિ અપાવે તે સાચી વિદ્યા, ભારતના શિક્ષણનો આ સર્વોચ્ચ ઉદેશ્ય છે. અત: શિક્ષણ 'મુક્તિકારી' હોવું જોઈએ. મુક્ત એ જ થઇ શકે છે જે સર્વાંગીણરૂપથી સુયોગ્ય અને પરિપૂર્ણ હોય. ભારતીય દ્રષ્ટિથી શિક્ષણની નીતિ બધાં સ્તરો પર સ્વાયત, ગામના સ્તર સુધી વિકેન્દ્રિત અને સંપૂર્ણ સમાજ આધારિત હોવી જોઈએ. શિક્ષક દ્વારા વ્યાખ્યાન પદ્ધતિથી ભણાવવાને સ્થાન પર વિદ્યાર્થીઓ સ્વાનુભૂતિથી વિષયને જાણવા માટે પ્રેરિત કરનાર સર્વાંગીણ, સરળ અને આનંદદાયી શિક્ષણ પદ્ધતિથી શિક્ષણકાર્ય કરશે. આ બધી જ બાબતો અંગે વિદ્યાભારતી દ્વારા પાયાનું ચિંતન અને ધરમૂળથી વિચાર થયો. ઉત્તર ભારતમાં ૧૯૪૬માં માધવરાવ ગોળવલકરજીનાં એ કુરુક્ષેત્રમાં ગીતા વિદ્યાલયનો પાયો નાખવામાં આવ્યો. ૧૯૫૨માં ઉત્તરપ્રદેશના ગોરખપુર નગરથી શ્રી સરસ્વતી શિશુમંદિર યોજનાના શ્રીગણેશ કરી ભારતીય જ્ઞાનયજ્ઞનો શુભારંભ કરવામાં આવ્યો. દેશના વિવિધ પ્રાંતમાં કાર્યરત પ્રાંતીય સમિતિઓની સ્થાપના, સમન્વય અને સંકલન સાથે માર્ગદર્શન આપવાના ઉદ્ધેશથી અખિલ ભારતીય સ્તર પર વિદ્યાભારતીની સ્થાપના કરવામાં આવી. પાઠ્યપુસ્તક એ સાધ્ય નથી, સાધન છે વિષય પણ સાધ્ય નથી, સાધન છે. સાધ્ય તો છે, વિદ્યાર્થીનો સમગ્ર વિકાસ. તેથી જ પાઠ્યપુસ્તક કેન્દ્રિત શિક્ષણ રચના કરવાને બદલે વિકાસ કેન્દ્રિત શિક્ષણ રચના કરવી જોઈએ. શિક્ષણનો ઉદ્ધેશ વિદ્યાર્થીનો સમગ્ર વિકાસ કરવાનો હોવો જોઈએ. સમગ્ર શિક્ષણતંત્રનું કેન્દ્રવર્તી સ્થાન એટલે વર્ગખંડ અને શિક્ષણનું પ્રાંરભબિંદુ એટલે છ થી સાત વર્ષના બાળકો. એમનો સ્વભાવ, એમની લાક્ષણિકતાઓ, રુચિ, ક્ષમતા અને પરિવારની, દેશની, સંસ્કૃતિની સાંપ્રત સમયની સ્થિતિ અને આવશ્યકતાનો વિચાર કરીને શિક્ષણક્રમ નિશ્ચિત કર્યો હોય તો અત્યારે આપણે જે સમસ્યાઓનો ભોગ બન્યા છીએ તેમાંથી રસ્તો નીકળે તો શિક્ષણનો ઉદેશ એટલે સમગ્ર વિકાસ. આ બાબત ધ્યાનમાં લઈ સમગ્ર વિકાસની સંકલ્પના અને અભ્યાસક્રમની રૂપરેખા સમજવા માટે વિદ્યાભારતીના કાર્યકરોનો એક ચિંતન વર્ગ થયો, કાર્યશાળાઓ અને સાધનસામગ્રીઓનું નિર્માણ થયું. આમ, વિદ્યાભારતી સંલગ્ન વિદ્યાલયોમાં ઈ.સ.૨૦૦૬–'૦૭થી પ્રાથમિક કક્ષાએ શિક્ષણમાં સમગ્રલક્ષી વિકાસની સંકલ્પના અમલીકૃત બની. સમગ્ર વિકાસનાં બે પાસાં થયાં. એક તો વ્યક્તિનો પોતાનો વિકાસ એટલે વ્યક્તિત્વ વિકાસ અને બીજો સમાયોજનની દિશામાં

સમગ્ર વિકાસ(**Holistic Development**) એટલે બાળકોનો સંપૂર્ણ વિકાસની વ્યવસ્થા. આ ભૂમિકાને ધ્યાનમાં રાખીને સંશોધકે પ્રસ્તુત વિષય નિર્ધારિત કર્યો હતો. પ્રસ્તુત ભૂમિકાને ધ્યાનમાં રાખી સંશોધકે સંશોધનપત્રમાં સમગ્ર વિકાસ અભ્યાસક્રમ આધારિત શિક્ષણની પ્રક્રિયાનો સમીક્ષાત્મક અભ્યાસઅંગે કાર્ય કરવાનો અનુક્રમ હાથ ધર્યો હતો.

**સમસ્યા કથન**

પ્રસ્તુત સંશોધન સંદર્ભે સંશોધકે નીચે દર્શાવેલ સમસ્યા પસંદ કરી હતી :

**સમગ્ર વિકાસ અભ્યાસક્રમ આધારિત શિક્ષણ પ્રક્રિયાનો સમીક્ષાત્મક અભ્યાસ**

**સંશોધનના હેતુઓ**

પ્રસ્તુત સંશોધન નીચેના હેતુઓ સહ હાથ ધર્યું હતું.

૧. પ્રાથમિક વિદ્યાલયોમાં અમલી સમગ્ર વિકાસ અભ્યાસક્રમની સંકલ્પના જાણવી.

૨. પ્રાથમિક વિદ્યાલયોમાં અમલી સમગ્ર વિકાસ અભ્યાસક્રમ અંગે શિક્ષકોના પ્રતિભાવો જાણવા.

૨.૧ સમગ્ર વિકાસ અભ્યાસક્રમ અંગે માહિતી મેળવવી

૨.૨ સમગ્ર વિકાસ અભ્યાસક્રમ અંતર્ગત અધ્યાપન– અધ્યયન પ્રક્રિયાને જાણવી

૨.૩ સમગ્ર વિકાસ અભ્યાસક્રમ અંતર્ગત સહ અભ્યાસિક પ્રવૃત્તિ અંગે માહિતી મેળવવી.

**સંશોધનના પ્રશ્નો**

પ્રસ્તુત સંશોધનના પ્રશ્નો આ મુજબ છે.

૧. સમગ્ર વિકાસ અભ્યાસક્રમ એટલે શું?

૨. સમગ્ર વિકાસ અભ્યાસક્રમ અંગે શિક્ષકોના પ્રતિભાવો કેવા છે?

૨.૧ સમગ્ર વિકાસ અભ્યાસક્રમ કઈ બાબતો સમાવિષ્ટ છે?

૨.૨ સમગ્ર વિકાસ અભ્યાસક્રમ અંતર્ગત અધ્યાપન અધ્યયન પ્રક્રિયા કેવી છે?

૨.૩ સમગ્ર વિકાસ અભ્યાસક્રમ અંતર્ગત કઈ કઈ સહ અભ્યાસિક પ્રવૃતિઓ હાથ ધરાય છે?

**વ્યાપવિશ્વ અને નમૂનો**

વિદ્યાભારતી, ગુજરાત પ્રદેશ સંલગ્ન પ્રાથમિક વિદ્યાલયો પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ રહ્યું હતું. પ્રસ્તુત સંશોધન માટે સમગ્ર વિકાસ અભ્યાસક્રમનો અમલ થયો હોય તેવા પાંચ વિદ્યાલયો સહેતુક નમૂનાની રીતે પસંદ(મોરબી, વાંકાનેર, ગાંધીધામ, સુરત અને નવસારી)કર્યા હતા. આ પાંચ વિદ્યાલયોના કુલ ૧૮૦ શિક્ષકોમાંથી ૫૦ શિક્ષકો પણ સહેતુક નમૂના પસંદગી રીતથી પસંદ કરવામાં આવ્યા હતા.

**સંશોધનના ઉપકરણો**

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પ્રકારનું હતું. જેમાં સંશોધકે સમગ્ર વિકાસ અભ્યાસક્રમ આધારિત શિક્ષણ પ્રક્રિયાનો સમીક્ષાત્મક અભ્યાસ હાથ ધરવાનો હોવાથી સ્વરચિત ઉપકરણ 'મુક્તજવાબી પ્રશ્નાવલિ' અને દસ્તાવેજી સાહિત્યનો માહિતી પ્રાપ્તિ માટે ઉપયોગ કર્યો હતો.

**સંશોધનની પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધનમાં સમગ્ર વિકાસ અભ્યાસક્રમ આધારિત શિક્ષણ પ્રક્રિયાનો સમીક્ષાત્મક અભ્યાસ હાથ ધરવાનો હોવાથી સંશોધકે વર્ણનાત્મક સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો. જેમાં સંશોધકે હેતુઓને આધારે પ્રાપ્ત ગુણાત્મક માહિતીનું વિષયવસ્તુ પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

**સંશોધનનું સીમાંકન**

પ્રસ્તુત સંશોધનમાં સમગ્ર વિકાસ અભ્યાસક્રમ અમલમાં હોય તે પૈકી પાંચ વિદ્યાલયોનો જ સમાવેશ કરવામાં આવ્યો હતો.

પ્રસ્તુત સંશોધનમાં સમગ્ર વિકાસ અભ્યાસક્રમ અમલમાં છે તેવા દરેક વિદ્યાલયમાંથી ૧૦ એમ કુલ ૫૦ શિક્ષકોને જ નમૂનામાં પસંદ કર્યા હતા.

પ્રસ્તુત સંશોધનમાં સમગ્ર વિકાસ અભ્યાસક્રમ અંગે માહિતી પ્રાપ્ત કરવા સ્વરચિત મુક્તજવાબી પ્રશ્નાવલિ અને સમગ્ર વિકાસ અભ્યાસક્રમ પર લખાયેલ સાહિત્યનો જ ઉપયોગ કર્યો હતો.

**માહિતી એકત્રીકરણની રીત**

પ્રસ્તુત સંશોધન સમગ્ર વિકાસ અભ્યાસક્રમ આધારિત શિક્ષણ પ્રક્રિયાનો સમીક્ષા કરવા સંદર્ભ સાહિત્યનું ચયન અને અધ્યયન કર્યું હતું. તેમજ સ્વરચિત ઉપકરણ મુક્તજવાબી પ્રશ્નાવલિની મદદથી પાંચેય વિદ્યાલયોના કુલ 50 શિક્ષકોની રુબર મુલાકાત લઈ માહિતી પ્રાપ્ત કરવામાં આવી હતી.

**માહિતી પૃથક્કરણની રીત**

પ્રસ્તુત સંશોધનમાં પ્રાપ્ત માહિતી ગુણાત્મક પ્રકારની હોવાથી વિષયવસ્તુ પૃથક્કરણ કરી તાર્કિક નિગમનાત્મક પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**સંશોધનના તારણો**

સમગ્ર વિકાસનાં બે પાસાં છે. પંચકોશાત્મક વિકાસ અને પરમેષ્ઠીગત વિકાસ.

પંચકોશાત્મક વિકાસનાં નામ પ્રમાણે મુખ્ય પાંચ પાસાં છે.

૧.અન્નમય કોશોનો વિકાસ(શારીરિક વિકાસ)

૨. પ્રાણમય કોશોનો વિકાસ(પ્રાણિક વિકાસ)

૩.મનોમય કોશોનો વિકાસ(માનસિક વિકાસ)

૪. વિજ્ઞાનમય કોશોનો વિકાસ(બૌદ્ધિક વિકાસ)

૫. આનંદમય કોશોનો વિકાસ(ચૈતસિક વિકાસ)

**પરમેષ્ઠીગત વિકાસનાં સાત પાસાં છે.**

વ્યક્તિગત વિકાસ, પરિવારગત વિકાસ, સમાજગત વિકાસ, રાષ્ટ્રગત વિકાસ, વિશ્વગત વિકાસ, સૃષ્ટિગત વિકાસ. મનુષ્ય પોતાનાં મૂળ સ્વરૂપમાં આત્મા છે. આત્મા પરમાત્મનો જ અંશ છે. આ મૂળ સ્વરૂપનો બોધ જાગવો એ જ શિક્ષણનું લક્ષ્ય છે. તેથી પરમેષ્ઠીગત વિકાસ એ સમગ્ર વિકાસનો આધાર છે. શિક્ષણનો વિચાર વિકાસની આ સંકલ્પનાને

અનુરૂપ થવો જોઈએ. બધાજ વિષયો, બધી વ્યવસ્થા, બધી પ્રવૃત્તિઓની રચના આ સમગ્ર વિકાસના ઉદ્દેશથી થવી જોઈએ. આવી સમગ્ર દ્રષ્ટિ જ ભારતીય દ્રષ્ટિ છે.

**પ્રાથમિક વિદ્યાલયોમાં અમલી સમગ્ર વિકાસ અભ્યાસક્રમ અંગે શિક્ષકોનાપ્રતિભાવ આધારિત તારણો સમગ્ર વિકાસ અભ્યાસક્રમ અંગે માહિતી મેળવવી.**

– ભારતીય સંસ્કૃતિ સાથે સંકળાયેલ બાબતો
– ગુરુકુળ પ્રણાલી, યજ્ઞ, યોગ, તહેવારોની ઉજવણી અને સાદું જીવન પર આધારિત અભ્યાસક્રમની રચના.
– વયકક્ષા ધ્યાનમાં રાખીને રચના કરવામાં આવી છે. જેથી સરળતાથી શીખી શકે.
– પ્રવૃત્તિને વધુ મહત્વ આપવામાં આવે છે.
– સામાન્ય શાળા કરતા અલગ ભાર વિનાનું ભણતર
– સંદર્ભ સાહિત્ય જાતે નિર્માણ કરવું પડે છે.
– વિદ્યાલયનું સમયપત્રક અલગ છે તાસ એક કલાકના છે.
– બધાં જ વિષયોમાં પ્રાયોગિક કાર્ય કરવા પર ભાર મૂકવામાં આવે છે.

**સમગ્ર વિકાસ અભ્યાસક્રમ અંતર્ગત અધ્યાપન અધ્યયન પ્રક્રિયા**

– ઓમ કારના ઉચ્ચારણ દ્વારા અભ્યાસની શરૂઆત
– કંઠસ્થિકરણ, ઉખાણા, અભિનય ગીત, નવીન પ્રવૃતિઓ દ્વારા અધ્યયન અધ્યાપન કાર્ય કરાવવામાં આવે.
– બેઠકવ્યવસ્થા ગુરુકુળ પ્રણાલી મુજબ અને યુનિફોર્મ ભારતીય સંસ્કૃતિ અનુરૂપ
– જૂથ ચર્ચા, આગમન, નાટ્યીકરણ અને પ્રોજેક્ટ પદ્ધતિનો વિનિયોગ
– સ્વરચિત શૈક્ષણિક સાધનો જેવાં કે, મોટી, કાર્ડ, દોરી,મણકા, લખોટી, કોડી, ચિત્રો અને ચાર્ટનો ઉપયોગ.
– અંકના સ્થાને શ્રેણી આપવામાં આવે છે સતત સર્વગ્રાહી મૂલ્યાંકન
– બાળકનો સમગ્ર વિકાસ થઈ છે.

**સમગ્ર વિકાસ અભ્યાસક્રમ અંતર્ગત સહ અભ્યાસિક પ્રવૃત્તિ અને કાર્યક્રમો**

વિદ્યાલયોમાં મોટાભાગે રમતોત્સવ, રંગમંચ કાર્યક્રમ, શિબિર, પર્યટન, વૃક્ષારોપણ, વિવિધ દિનોની ઉજવણી, ઉત્સવોની ઉજવણી, નાગભૂમિ કાર્ય, શેરી નાટક

– અન્ય વિદ્યાલયો કરતા કાર્યક્રમોઓ વિવિધતા જોવા મળી જેવી કે, વાલી પ્રતિયોગિતા, પ્રશ્નમંચ, બાળસભા, વાલી સપર્ક, ગૌશાળા મુલાકાત, પ્રકૃતિ દર્શન.

– આ કાર્યક્રમ અને પ્રવૃત્તિ પાછળનો હેતુ ભારતીય સંસ્કૃતિનું સંવર્ધન, જાળવણી અને પોષણ હતો.

**ઉપસંહાર**

સમગ્ર વિકાસનાં બે પાસાં એક તો વ્યક્તિનો પોતાનો વિકાસ એટલે વ્યક્તિત્વ વિકાસ અને બીજો સમાયોજનની દિશામાં સમગ્ર વિકાસ(**Holistic Development**) એટલે બાળકોનો સંપૂર્ણ વિકાસની વ્યવસ્થા. આ ભૂમિકાને ધ્યાનમાં રાખીને સંશોધકે પ્રસ્તુત વિષય નિર્ધારિત કર્યો હતો. પ્રસ્તુત ભૂમિકાને ધ્યાનમાં રાખી સંશોધકે સંશોધનપત્રમાં

સમગ્ર વિકાસ અભ્યાસક્રમ આધારિત શિક્ષણની પ્રક્રિયાનો સમીક્ષાત્મક અભ્યાસ અંગે કાર્ય કરવાનો અનુક્રમ હાથ ધર્યો હતો.

**સંદર્ભસૂચિ:**


કાટદરે, આઈ.(૨૦૧૧). **શિક્ષણનું ભારતીય પ્રતિમાન**. અમદાવાદ: પુનરુત્થાન પ્રકાશન સેવા ટ્રસ્ટ.

કાટદરે, આઈ.(૨૦૧૩). **શિક્ષા કા સમગ્ર વિકાસ પ્રતિમાન**. અમદાવાદ: પુનરુત્થાન પ્રકાશન સેવા ટ્રસ્ટ.

કાટદરે, આઈ. (૨૦૧૮).**શિક્ષણનું સમગ્ર વિકાસ પ્રતિમાન**.(ભારતીય શિક્ષા ગ્રંથમાળા ૨) અમદાવાદ: પુનરુત્થાન પ્રકાશન સેવા ટ્રસ્ટ.

શાહ ડી. બી. (૨૦૦૯). **શૈક્ષણિક સંશોધન (દિશા દર્શન)**, અમદાવાદ : પ્રમુખ પ્રકાશન.



## ઓનલાઈન લવાજમ ભરવા માટે URL & QR Code

http://ctegujarat.org/shikshan/index.html ની મુલાકાત લઈ અથવા નીચે આપેલ QR Code દ્વારા આપ લવાજમ ભરી શકો છો. લવાજમ ભર્યા બાદ આપ જે સરનામા પર **શિક્ષણ દર્શન** મંગાવવા માંગતા હોઈ તે સરનામું નામ સાથે **શ્રી અરવિંદભાઈ મહેતા**ના મો. નં:- **99980 08518** પર મોકલવાનું રહેશે.

| BHIM UPI | BHIM UPI | BHIM UPI |
|---|---|---|
| **પાચ વર્ષનું લવાજમ** | **ત્રણ વર્ષનું લવાજમ** | **એક વર્ષનું લવાજમ** |
| **₹ ૫૫૦/-** | **₹ ૩૩૦/-** | **₹ ૧૨૦/-** |